**શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**
**Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh**
સંચાલિત
**શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**
**MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD**

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગષ્ટ ૨૦૧૯ -પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૨

**પ્રશ્ન ૧ મોટા બાંસઠિયાના આધારે નીચેના બોલનો બાંસઠિયો લખો. (૩૫)**

**ક. માત્ર અંકમાં (કોઈ પણ આઠ) (૮)**
(૧) કાપોત લેશી (૨) અણિંદિયા (૩) અણાહારક (૪) જુગલીયા (૫) માનકષાય (૬) વૈક્રિય શરીર (૭) ઉપશ્રમ રામકિતી (૮) એકેન્દ્રિય (૯) અપકાય (૧૦) પર્યાપ્તા

**(ખ) સંપૂર્ણ બાંસઠિયો લખો (કોઈ પણ ચાર) (૮)**
(૧) યથાખ્યાત ચારિત્રી (૨) નરકગતિ (૩) સંમુરિર્છમ મનુષ્ય (૪) સુક્ષ્મ (૫) અનાકાર ઉપયોગ

**(ગ) માગ્યા પ્રમાણે લખો. (૬)**
(૧) વિકલેન્દ્રિયમાં જોગ (૨) અવેદીમાં ગુણસ્થાન (૩) વિભંગજ્ઞાનીમાં જીવના ભેદ (૪) દેવીમાં લેશ્યા (૫) અભવ્યમાં ઉપયોગ (૬) તિર્યંચમાં જીવના ભેદ.

**(ઘ) અલ્પબહુત્વ લખો (કોઈ પણ ચાર) (૮)**
(૧) જ્ઞાનદ્વાર (૨) સંજયદ્વાર (૩) સમુચ્ચય કેવળી દ્વાર (૪) ઇન્દ્રિયદ્વાર
(૫) સમકિતદ્વાર

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૫)**
(૧) મનુષ્ય ગતિમાં જીવના ભેદ કેટલા ? શામાટે ?
(૨) અચરમમાં ઉપયોગ કેટલા ? શામાટે ?
(૩) સમુચ્ચય સમકિતીમાં ગુણસ્થાન કેટલા ? શામાટે
(૪) અપકાયમાં લેશ્યા કેટલી ? શા માટે ?
(૫) મનયોગીમાં યોગ કેટલા ? શા માટે ?

**પ્ર:૨ રૂપી અરૂપીના આધારે નીચેના જવાબ લખો. (૧૦)**
**(૫)**

(૧) રૂપી ચૌસ્પર્શીના બોલ બતાવતી ગાથા લખો.
(૨) મતિજ્ઞાન રૂપી છે કે અરૂપી ? શા માટે ?
(૩) અરૂપી દ્રવ્યની વ્યાખ્યા લખો. તે ક્યાં હોય ? તેમાં કેટલા બોલ છે ?
(૪) જંબુદ્વીપ કેટલા સ્પર્શી છે ? શામાટે ?
(૫) અંતરાય કર્મ કેટલા સ્પર્શી હોય ? શામાટે ?

(ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો. કેટલા સ્પર્શી હોય. (૫)

(૧) દેવનું શરીર (૨) ધર્માસ્તિકાય (૩) જીવાસ્તિકાય (૪) સૌધર્મ દેવલોક (૫) આયુષ્યકર્મ

પ્ર:૩ ઉપયોગ અધિકારના આધારે જ્વાબ લખો. (૧૦)

(ક) નીચેના જીવો કેટલા અને ક્યા ઉપયોગ લઈને નીકળે છે તે લખો. (કોઈ પણ પાંચ) (૫)

(૧) વાણવ્યંતર દેવ (૨) કબુતર (૩)સંજ્ઞી મનુષ્ય (૪) તમપ્રભા નારકીનો જીવ (૫) સિંહ (૬) પૃથ્વીકાય

(ખ) નીચેના પ્રશ્નોના જ્વાબ લખો. (૫)

(૧) પહેલી નરકેથી તીર્થંકર નામગોત્ર બાંધેલ જીવ કેટલા ઉપયોગ લઈને નીકેળે ? કયા કયા ?
(૨) સંમુર્ચ્છીમ મનુષ્ય કેટલા ઉપયોગ લઈને નીકળે ? ક્યા ક્યા ?
(૩) સંજ્ઞી હાથી કેટલા અને કયા કયા ઉપયોગ લઈને આવે ?
(૪) ચારે ગતિમાં આવતાં કે જતાં કયું દર્શન ન હોય ? શા માટે ?
(૫) મિથ્યાત્વી જીવને ચારે ગતિમાં કેટલા અને કયા ઉપયોગ સાથે હોય ?

પ્ર. ૪ સંસ્કાર વિભાગના આધારે જ્વાબ લખો. (૧૦)

(૧) મારો સ્વાર્થ ન જોઉ, સંતોષ વધારુ, આ કથનને સમજાવો.
(૨) માયાને જીતવાની સાધના કઈ કઈ છે ? માત્ર નામ લખો.
(૩) લોભ પાપનો બાપ કેમ છે ? લોભથી બચવા શું કરવું જોઈએ.
(૪) ધર્મની શરૂઆત કયારે થાય ? કોને ભૂલીએ ? કોને યાદ રાખીએ ?
(૫) ક્રોધને વશ બની અન્યને કડવા શબ્દો કહેવાઈ જાય ત્યારે, આમ ન બોલાય આમ ન વિચારાય. કોઈ પણ ચાર મુદ્દા લખો.

પ્ર. ૫ કથા વિભાગના આધારે જ્વાબ લખો. (૧૦)

(૧) કોલાહલ વિશે ઈન્દ્રએ પૂછતાં નમિરાજાએ શો જ્વાબ આપ્યો ?
(૨) નમિરાજર્ષિની આરાધનાથી આપણને શું બોધ મળે છે ?
(૩) ઇન્દ્રમહારાજે મહેલ સળગાવાનો નિર્દેશ કર્યો ત્યારે નમિરાજર્ષિએ શો જ્વાબઆપ્યો ?
(૪) પુષ્પનંદીને માતાનો પરમભક્ત જાણી દેવદત્તાએ શું વિચાર્યું ?
(૫) દેવદત્તા એ કયા સૂત્રનો કયા અધ્યયનનો અધિકાર છે ? દેવદત્તાનો પૂર્વભવ લખો.

પ્ર. ૬ કાવ્ય વિભાગના આધારે પંકિત પૂરી કરો : (૧૦)

(૧) છો ને આ ............ અંતિમ પળ દેજો.
(૨) મંગળકારી .............. પ્રભુ વીરની વાણી.
(૩) પ્રભુ કહે ..................સાથ ગમે છે.
(૪) દર્દોની ..................નિશ્ચય બળ દેજો.
(૫)

પ્ર. ૭ સામાયિક પ્રતિકમણના આધારે જ્વાબ લખો. (૧૫)

(ક) મુળ માગધી શબ્દ લખો. (૪)

(૧) ઉપર બેસીને (૨) પરિસહો અને ઉપસર્ગો થાય તે (૩) ઈરાદાપુર્વક (૪) નિદાનનાં શલ્યથી.

(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો. (૨)

(૧) ખેતવુટ્ટી (૨) ઉગ્ગમેણં (૩) તક્કરપ્પઓગે (૪) સુદ્ધુદિન્નં

(ગ) નીચેના પાઠ પુર્ણ કરો. (૬)

(૧) ગોયરચરિયાએ.........................................................સંકિએ.

(૨) પૌષધશાળા પોંજીને...........................................દર્ભાદિક સંથારો.

(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. કોઈ પણ ત્રણ (૩)

(૧) પાંચમું અને સાતમું વ્રત કેટલા કરણ અને કેટલા યોગથી ગ્રહણ કરાય ? શા માટે ?

(૨) લોગસ્સનો પાઠ શાશ્વત છે કે અશાશ્વત ? તેનું બીજું નામ લખો ?

(૩) ખંડિય અને વિરાહિયં એટલે શુ ? આ શબ્દ ક્યા પાઠમાં આવે છે ?

(૪) પરિગ્રહ એટલે શું ? બાહ્ય પરિગ્રહ કેટલા છે ? તેના નામ લખો.

---- જય જિનેંન્દ્ર ----